ગાંધીનગર સમાચાર
તા. ૨-૧-૨૦૧૨, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

## સર્વોચ્ચ અદાલતના ચુકાદાને લોકતંત્રની ગરિમા સાચવી છે, દડો હવે મુખ્યમંત્રીશ્રી કોર્ટમાં

છેલ્લાં ઘણાં વર્ષોથી ગુજરાત રાજયમાં લોકાયુક્તની નિમણૂક થઇ શકી ન હતી. અને આ મુદ્દે ફક્ત કોંગ્રેસ જ નહીં પરંતુ ખુદ રાજયનાં બંધારણીય વડા મહામહિમ રાજયપાલને પણ રાજય સરકારની સામે પડ્યાં હોય એવો સિનારિયો સરજાવા પામ્યો હતો. ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી અને વિપક્ષના નેતા સાથે મસલત કરી રાજયપાલશ્રીએ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીની પસંદગીના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ આર.એ. મહેતાની લોકાયુક્ત તરીકે નિયુક્તિ કરી દેતાં આ મુદ્દે રાજકારણ ગરમાયું હતું. જસ્ટિસ મહેતાનું નામ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને માન્ય ન હોઇ રાજય સરકારે આ સંદર્ભે પહેલાં હાઇકોર્ટ સમક્ષ અને ખંડિત ચુકાદા પછી છેલ્લે હાઇકોર્ટ પણ રાજયપાલશ્રીના વિશેષાધિકારને માન્ય રાખ્યો ત્યારે છેલ્લા ઉપાય તરીકે સર્વોચ્ચ ન્યાયાલયમાં ધા નાખી હતી. આખરે સર્વોચ્ચ અદાલતે હાઇકોર્ટ દ્વારા અપાયેલ ચુકાદો માન્ય ઠેરવ્યો છે. અલબત્ત, લોકાયુક્તની નિમણૂક મંત્રીમંડળ સાથે પરામર્શ કર્યા પછી કરવી જોઇએ એવો રાજય સરકારનો બંધારણીય અભિગમ સર્વોચ્ચ અદાલત પણ સ્વીકારે છે, પરંતુ વિશિષ્ટ સંજોગોમાં રાજયપાલશ્રીએ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયથી કરેલી નિયુક્તિને માન્ય ઠેરવી છે. મંત્રીમંડળના અભિપ્રાય કરતાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયામૂર્તિનો અભિપ્રાય વધુ વજનદાર હોવાનું નિરીક્ષણ કરીને લોકાયુક્ત જેવી બંધારણીય સત્તા રાજય સરકારની મરજી મુજબ ન જ સ્થપાય, એવો મોઘમ સંકેત પાઠવી વર્તમાન રાજય સરકારને ભારે ક્ષોભજનક સ્થિતિમાં મુકી દીધા છે. વિધાન સભાની ચૂંટણીમાં દિગ્વિજય કર્યા પછી મુખ્યમંત્રીશ્રી માટે આ લોકાયુક્ત રૂપી બિલાડી આડી ઊતરી છે અને એથી કોંગ્રેસના હતાશ અને નિસ્તેજ નેતાઓ ગેલમાં આવી ગયા છે. નવા રાજકીય પરિબળ તરીકે કાઠું કાઢવામાં નિષ્ફળ રહેલી ગુજરાત પરિવર્તન પાર્ટી સહિત દેશભરમાં મોદી વિરોધી તમામ પરિબળોએ ‘લોકતંત્રની જીત’ લેખે સુપ્રીમ કોર્ટના આ સીમા ચિહ્નરૂપ ચુકાદાને આવકાર્યો છે. આપણે આશા રાખીએ કે મુખ્યમંત્રી પોતે પણ સર્વોચ્ચ અદાલતની ગરિમાને માન્ય રાખી વેળાસર લોકાયુક્તની નિમણૂકની પ્રક્રિયા ઝડપી બનાવશે.




## પ્રેરણા વિદ્યાલયમાં બાલોત્સવ યોજાયો

પ્રેરણા વિદ્યાલય બાલમંદિરમાં બાલોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. નાના ભૂલકાઓની આંતરિક શક્તિઓને વિકસાવવા પ્રોત્સાહન કરવામાં આવ્યા હતા. નાના ભૂલકાઓની રમતોમાં દોડ, લીંબુ ચમચી, અંક ગણતરી, સંગીત ખુરશીનું આયોજન કરેલ હતું. આ રમતોમાં દોડમાં સિનિયર કે.જી.માં પ્રથમ હેતરાજસિંહ, દ્વિતીય હાર્દિક, તૃતીય પ્રિયાંશ અને જુનીયર કે.જી.માં પ્રથમ મનીષ, દ્વિતીય સાહિલ, તૃતીય માહિ, લીંબુ ચમચીમાં સિનિયર કે.જી.માં પ્રથમ નંબરે સિધ્ધિ, દ્વિતીય ખુશ,ી તૃતીય પીંકી, જુનિયર કે.જી.માં પ્રથમ જન્મેશ, દ્વિતીય રાજદીપ, તૃતીય પ્રિયાંશી, અંક ગણતરીમાં સિનિયર કે.જી.માં પ્રથમ હેપ્પી, દ્વિતીય તેજસ, તૃતીય તૃપ્તિ, જુનિયર કે.જી.માં. પ્રથમ માનસી, દ્વિતીય ખ્યાતિ, તૃતીય તસ્વીર, સંગીત ખુરશીમાં પ્રથમ રોશની, દ્વિતીય કવિતા અને તૃતીય શુભમ્ વિજેતા બન્યા હતા. વાવોલના અગ્રણી શ્રી ભગાજી પોપટજી ગોલે ઈનામો આપ્યા હતા. સમગ્ર રમતોત્સવને સફળ તથા યાદગાર બનાવ્યો હતો.

### ભારત બંધમાં નહીં જોડાય – જીટીયુ

# જીટીયુની તમામ સેમિસ્ટરની પરીક્ષા આજે યથાવત

### દિલ્હીમાં ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીને શ્રદ્ધાંજલિના ભાગરૂપે આજે સ્વયંભૂ બંધનું એલાન પણ પરીક્ષા યથાવત

અમદાવાદ, તા.૨

જીટીયુની તમામ પરીક્ષાઓ આવતીકાલે નિર્ધારીત કાયક્રમ મુજબ યોજાશે. આ અંગે જીટીયુના વાઈસ ચાન્સલરે માહિતી આપતા આ સંબંધમાં પ્રવર્તી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો છે. આવતીકાલે ગુરુવારે ભારતબંધનું એલાન દિલ્હીમાં ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીને શ્રદ્ધાંજલિ આપવાના ભાગરૂપે આપવામાં આવ્યું છે. આ બંધને સમગ્ર ભારતમાં વ્યાપક પ્રતિસાદ મળે તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. પરંતુ આ બંધના એલાનમાં ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટીની એક પણ કોલેજ જોડાશે નહીં. અત્યારે ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટીની સેમિસ્ટર પરિક્ષા ચાલી રહી છે. ત્યારે આ પરિક્ષાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. આ અંગે જીટીયુના વાઈસ ચાન્સીલર અક્ષય અગ્રવાલે જણાવ્યું હતું કે, બંધની કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તેથી યુનિવર્સિટીને બંધ અંગે કોઈ જાણ કરી નથી. તેમ છતાં ભારત બંધ રહેશે તો પણ ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટીની તમામ પરિક્ષાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. પરિક્ષા રદ્દ કરવા અંગે વિચારણા કરવામાં આવી નથી. તેથી તમામ સેમિસ્ટરની પરિક્ષાઓ રાબેતા મુજબ નિર્ધારીત સ્થળે અને નિર્ધારીત સમયે યોજાશે.આમ, ગુરૂવારે સ્વયંભુ ભારત બંધની જાહેરાત છતા ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી તમામ કોલેજોમાં રાબેતા મુજબ પરિક્ષાઓ યોજાશે. આ ઉપરાંત આ બંધને કોઈ રાજકીય પક્ષે સમર્થનની જાહેરાત ન કરી હોવાથી એ.બી.વી.પી. કે એન એસ.યુ.આઈ. દ્વારા પણ બંધ મામલે કોઈ દરમિયાન ગીરી કોલેજોમાં કરવામાં આવે તેવી શક્યતા નથી. તેથી તમામ કોલેજોમાં યથાવત રીતે પરિક્ષાઓનું કાર્ય ચાલશે.

## ઉડિયા ભાષાનાં પ્રતિષ્ઠિત લેખિકા પ્રતિભા રાયને જ્ઞાનપીઠ એવોર્ડ

ભારતીય સાહિત્યનું નૉબેલ ઈનામ ગણાતું જ્ઞાનપીઠ પારિતોષિક ૨૦૧૧ના વર્ષ માટે પ્રતિષ્ઠિત ઉડિયા લેખિકા પ્રતિભા રાયને આપવાનો ભારતીય જ્ઞાનપીઠ પ્રવર પરિષદે સર્વાનુમતિતી નિર્ણય કર્યો હતો. નવી દિલ્હી ખાતે તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૧૨ના દિવસે યોજાયેલ બેઠકમાં પ્રવર પરિષદના સદસ્ય ડૉ. કેશુભાઈ દેસાઈએ આ એવોર્ડ ઉડિયાનાં જાણીતા લેખિકાને આપવા અંગેનો રજૂ કરેલો પ્રસ્તાવ પ્રવર પરિષદના અધ્યક્ષ ડૉ. સીતાકાંત મહાપાત્ર સહિત ઉપસ્થિત સદસ્યશ્રીઓ સર્વશ્રી ગોપીચંદ નારંગ કે. સચ્ચિદાનંદ, મેનેજર પાંડેય તથા દિનેશ મિશ્રએ વધાવી લીધો હતો. જ્ઞાનપીઠનો આ ૪૭મો પુરસ્કાર આગામી દિવસોમાં ભવ્ય કાર્યક્રમ યોજી ડૉ. પ્રતિભા રાયને એનાયત કરાશે.

## સંગીત રત્ન ઘનશ્યામ ઠાકરની ૧૦૧મી જન્મ જયંતિ નિમિત્તે રસોત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ના સૌજન્યથી અને ‘શ્યામ સંસ્કાર કેન્દ્ર’ના યજમાનપદે શ્રી બાજખેડાવાળ વયસ્ય નાગરીક મંડળ, મહિલા સમાજ સ્ત્રી મિલન (નડીયાદ) સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે નડીયાદના કવિ-સંગીતરત્ન ઘનશ્યામ ઠાકર ‘શ્યામ’ની ૧૦૧મી જન્મજયંતિ પ્રસંગે રસોત્સવ કાર્યક્રમ ૩૦મી ડિસેમ્બર રવિવારના રોજ શ્રી બાજખેડાવાળ હોલ સંતરામ મંદિર, નડિયાદ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં સાહિત્ય જગત સાથે સંકળાયેલ મહાનુભાવો અને મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

નડિયાદ ખાતે યોજાયેલ ‘શ્યામ’ની ૧૦૧મી જન્મ જયંતિ રસોત્સવ કાર્યક્રમમાં સવારની બેઠક ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદભાઈ ત્રિવેદીના પ્રમુખ સ્થાને તેમજ પુ. ડાહ્યાભાઈ શાસ્ત્રીના આશીર્વચનોથી શરૂઆત કરવામાં આવી હતી. શ્યામના ગીતોનો પરિસંવાદને રસાસ્વાદ ભગીરથ બ્રહ્મભટ્ટ અને ડૉ. ચંપક મોદી, કવિયિત્રી ઉષાબેન ઉપાધ્યાયે કરાવ્યો હતો.

ત્યારબાદ બીજી બેઠક અલ્પાહાર બાદ યોજાઈ હતી.જેમાં કવિ ‘શ્યામ’ના કાવ્યો અને નાટ્યગીતો પર અમદાવાદ તેમજ વડોદરાના નૃત્ય કલાવૃંદ દ્વારા નૃત્યગીતો રજુ કરવામાં આવ્યા હતા. કવિ શ્યામના ગીતોને ખ્યાતનામ પ્લેબેક ગાયક કલાકાર ઉષામંગેશકર, મહેન્દ્ર કપુર, અલકા યાજ્ઞીક અને પુરૂષોત્તમ ઉપાધ્યાયના કંઠનું કામણ સાપડ્યો છે. નયનરમ્યને આકર્ષક અદ્‌ભુત નૃત્ય ગીતો રંગબેરંગી પ્રકાશ સાથે રજુ થતાં લોકો આનંદિત થઈ ગયા હતા. બીજી બેઠકમાં પૂ. મોરારીદાસજી મહારાજ, હરીશ ઠાકર, રજની પંડ્યા, સંસ્કૃતિરાણી દેસાઈ, વિનોદ અધ્વર્યુ, ગીતા ભટ્ટ, દધીયી ઠાકર વગેરે ઉપસ્થિત રહી શ્યામનંદ કાવ્યો પર સરસ મજાનું વ્યાખ્યાન આપી ઉપસ્થિત ભાઈઓ બહેનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

## વિદ્યાર્થીઓ ભણવામાં વ્યસ્ત

## બોર્ડ પરીક્ષા કાર્યક્રમ જાહેર થતાં ઉત્તેજના

ગાંધીનગર, તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (જીએસએચએસઈબી) દ્વારા એસએસસી અને એચએસસી વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યા બાદ વિદ્યાર્થીઓમાં ઉત્તેજના વધી ગઈ છે. ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમિસ્ટર બોર્ડ પરીક્ષાની પણ જાહેરાત કરી દેવામાં આવી છે.

મળેલી માહિતી મુજબ ધોરણ ૧૦ની પરીક્ષામાં ૧૦.૫ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે. બોર્ડના અધિકારીઓએ કહ્યું છે કે વધુ સારી તૈયારીઓ કરવાના હેતુસર મુખ્ય વિષયના પેપર વચ્ચે વિદ્યાર્થીઓને એક દિવસની રજા પણ આપવામાં આવી છે જેથી વિદ્યાર્થીઓને રાહત મળી શકે છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ચોથા સેમીસ્ટરની પરીક્ષામાં એક લાખથી વધુ પરીક્ષાર્થીઓ છે. બોર્ડના અધિકારીઓએ કહ્યું છે કે તમામ જૂની પરંપરા પણ જાળવી રાખવામાં આવી છે. પરીક્ષા ૧૮મી માર્ચે શરૂ થશે. પ્રથમ પેપર ગણિતનું રહેશે.

૧૯મી માર્ચે રસાયણ શાસ્ત્ર, ૨૦મી માર્ચે ભૌતિક વિજ્ઞાન, ૨૧મી માર્ચે અંગ્રેજી અને ગુજરાતી પ્રથમ ભાષાના પેપર રહેશે. ૨૨મી માર્ચના દિવસે બાયોલોજીની પરીક્ષા યોજાશે. જ્યારે ધોરણ ૧૦ની પરીક્ષા સવારે ૧૦થી ૧.૨૦ વચ્ચે યોજાશે. જેમાં બે પેપર રહેશે. પ્રથમ પેપર ઓબઝેક્ટીવ રહેશે. જ્યારે અન્ય પેપર સબઝેક્ટીવ રહેશે. પરીક્ષાના કાર્યક્રમની જાહેર થતાંની સાથે વિદ્યાર્થીઓ ભણવામાં વ્યસ્ત થઈ ગયા છે. ધોરણ ૧૦ની પરીક્ષા ૧૬મી માર્ચના દિવસે પૂરી થશે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય અને જૂના કોર્ષના વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૧મી માર્ચે પૂરી થશે.

## મહાદેવ દેસાઈ મહાવિદ્યાલય સાદરામાં રક્તદાન શિબિર યોજાઇ

ગાંધીનગર, તા. ૨

રાષ્ટ્રીય સેવા યોજના મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય મહાવિદ્યાલય, સહયોગ મંડળ તથા સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧ લી જાન્યુઆરીએ સંસ્થાના ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે રક્તદાન શિબિર યોજેલ હતી. જેમાં ૧૦૨ રક્તદાતાઓ રક્તદાન કરેલ હતું. મહાવિદ્યાલયના અધિકારીએ રક્તદાન કરતાં શિક્ષકો, વિદ્યાર્થીઓએ રક્તદાન કરતા પ્રોત્સાહન મળેલ છે.

સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના ડૉ. પ્રજ્ઞેશભાઈની દેખરેખ હેઠલ રક્ત એકત્રિત કરેલ હતું. માઈનોર થેલેસેમિયાના પરિક્ષણનો કાર્યક્રમ પણ યોજાતો હતો. ૧૪૮ વિદ્યાર્થીઓની રક્તની ચકાસણી કરાઈ હતી.

મહાવિદ્યાલયના ડૉ. નિરંજનભાઈ સિલાટ, તારાબેન, પ્રૉ. જમનાદાસ સાવણીયા, પ્રભુદાસ ભાઈ વગેરે જહેમત લીધી હતી. સહયોગ મંડળ તથા સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ સહયોગ આપેલ હતો.

## સે-૨૧ અને ૮ની પ્રાથમિક શાળામાં ‘બાળગીતો’ની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨

આજના કોમ્પ્યુટર યુગમાં બાળકો ‘બાળગીતો’ ભૂલી ગયા છે ત્યારે સિનિયર સિટિઝન્સ કાઉન્સીલની મહિલા પાંખ દ્વારા ગત રોજ સેકટર-૮ની તેમજ સેકટર-૨૧ની પ્રાથમિક શાળામાં ‘બાળગીતો’ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધા કુલ ૪ ગ્રુપમાં યોજવામાં આવી હતી. દરેક ગ્રુપમાંથી પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ આપવામાં આવ્યો હતો. સાથો સાથ ભાગ લેનાર દરેક બાળકોને આશ્વાસન ઈનામ સરોજબેન દેસાઈ તથા જમનાબેન શાહ તરફથી આપવામાં આવ્યા હતા આજ સંસ્થા દ્વારા સેકટર-૨૯ની શાળાના બાળકોએ શાળામાં યોજાયેલા રમતોત્સવમાં કબડ્ડીની સ્પર્ધા તેમજ યોગમાં પ્રથમ આવનારાં બાળકોને પ્રોત્સાહન રૂપે ઈનામ આપવામાં આવ્યા હતાં.

## માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે જીવનને સફળ બનાવવા માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

સેકટર-૨૧ ખાતે આવેલ માઉન્ટ કાર્મેલ સ્કુલમાં નવા વર્ષના આગમનમાં ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને જીવનને સફળ બનાવવા માટે માર્ગદર્શન આપતો કાર્યક્રમ યોજાયો હતો.

શહેરની માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગરના રામકૃષ્ણ મિશનના વિવેકાનંદ કેન્દ્રના પ્રમુખ રજનીભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને જીવન જરુરી માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે નિર્ભય બનો, શ્રધ્ધાવાન બનો, શકિતશાળી બનો, દેશપ્રેમી બનો, તેમજ આઈ કયુ, ઈ કયુ તથા એસ કયુ વધારી દિવ્ય સમાજ નિર્માણમાં નિમિત્ત બનવા સમજાવ્યું હતું. વધુમાં વિદ્યાર્થીઓને એકાગ્રતા કેળવવા માટે પ્રાર્થના અને ધ્યાનનું મહત્વ સમજાવી જીવનમાં સફળતાના શિખરો સર કરવા માટે સારા વિચારો સારા કર્મો-સારું વાંચન કરવું જરુરી છે એ બાબત પર ખાસ ભાર મૂકયો હતો. તેમણે વિદ્યાર્થીઓને વાર્તા દ્વારા સંદેશ આપ્યો કે ‘ઘેટાં નહીં સિંહ બનો’ના મેસેજથી વિદ્યાર્થીઓ ખુબ પ્રભાવિત બની ગયા હતા. શાળાના પ્રિન્સીપાલ સીસ્ટર રેણુકાએ પણ વિદ્યાર્થીઓને પ્રશ્નો પુછીને તેમણે મેળવેલા જ્ઞાનની ચકાસણી કરી હતી. અંતમાં કુસુમબેન જોષીએ આભારવિધીમાં જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદજીના આદર્શોને જીવનમાં ઉતારી સફળતા મેળવો તેવી આશા વ્યકત કરી હતી.

## આંતરરાષ્ટ્રીય હિન્દી યુનિવર્સિટી, વર્ધા ખાતે પંદરમા સ્થાપના દિવસની ઉજવણી

વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના વરસ હસ્તે તા.૨૯ ડિસેમ્બર, ૨૦૧૨ની સવારે વર્ધા (મહારાષ્ટ્ર) મુકામે મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિંદી વિશ્વવિદ્યાલયના પરિસરમાં પુસ્તકમેળાનો શુભારંભ કરાયો હતો. તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૨ ના દિવસે આ કેન્દ્રિય યુનિવર્સિટીએ એનો પંદરમો સ્થાપના દિવસ પણ ઉજવ્યો હતો. હબીબ તનવીર સભાગૃહમાં યોજાયેલા એક યાદગાર કાર્યક્રમમાં કુલપતિ ડૉ. વિભૂતિ નારાયણ રાયના અધ્યક્ષ સ્થાને અને ડૉ. કેશુભાઈ દેસાઈના વિશિષ્ટ અતિથિ પદે જાણીતા સમાજ શાસ્ત્રી સચ્ચિદાનંદ સિન્હાએ ‘વિકાસ કા વૈકલ્પિક મોડેલ’ એ વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. કેશુભાઈ દેસાઈએ ગાંધીમાર્ગને આધુનિક સંદર્ભો સાથે સાંકળી વિશ્વ સ્તરે હિંદી અને હિંદુસ્તાનની ભૂમિકા વિશે વિશદ ચર્ચા કરી હતી. એમણે હિંદીની જેમ દરેક ભારતીય ભાષાની આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી સ્થપાવી જોઈએ એવો અનુરોધ કર્યો હતો.

## માણસા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદન યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર તથા એસ.ડી. આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ, માણસાના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન તારીખ ૧૨મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ માણસા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય પરિસંવાદ ‘ભારતીય સાહિત્ય’ વિષય ઉપર આધારિત છે.

આ સમારંભના ઉદ્‌ઘાટક પ્રસંગે પદ્મશ્રી ડૉ. સિતાંશુ યશશ્ચન્દ્ર (પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) તેમજ અતિથિવિશેષ તરીકે ડૉ. મહાવીરસિંહ ચૌહાણ પૂર્વ ઉપકુલપતિશ્રી, ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ આ સમારંમાં વક્તાં તરીકે ડૉ.લવકુમારભાઈ દેસાઈ, પૂર્વ અધ્યક્ષશ્રી ગુજરાતી વિભાગ મ.સ.પુ. વડોદરા ડૉ. મહેશ ચંપકભાઈ, ડૉ. રાજેન્દ્ર નાણાવટી, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ડૉ. રતિલાલ રોહિત, ડૉ. બજરંગ તિવારી તેમજ તૃતિય બેઠકમાં ડૉ. દર્શનાબેન ધોળકિયા દ્વારા વિદ્યાર્થી તેમજ પ્રાધ્યાપકશ્રીઓને ગુજરાતી વિષય તેમજ ભારતીય સાહિત્ય વિષય ઉપર રસપ્રદ પ્રવચન આપવામાં આવનાર છે.

# સંસ્કૃતિનું પતન ક્યારે અટકશે ? કોણ અટકાવશે ?

**વિચાર મંચ**
**- પોપટલાલ એસ પ્રજાપતિ**

દિલ્હીમાં બનેલી જઘન્ય ઘટનાએ આખા સમાજને હતપ્રભ બનાવી દીધો છે. સૌના દિલમાં આક્રોશની જવાળા ભભૂકી ઉઠી છે. સર્વત્ર અજંપો છે, બેચેની છે, આંદોલનની આગ સમવાનું નામ લેતી નથી અને છતાં આશ્ચર્યએ વાતનું છે કે આટલા બધા વિરોધ વચ્ચે આવી કલંકિત ઘટનાએ પણ થમવાનું નામ નથી લેતી. હજુ પણ સવારનું પેપર જુઓ તો બે ચાર સમાચાર અવશ્ય વાંચવા મળે.. હેવાનિયત, જંગાલિયત ભર્યો બળાત્કાર... આધેડ વયના પુરુષનો પાંચ વર્ષની બાળકી પર... સ્કુલમાં ભણતી કિશોરી પર પોતાના જ પિતરાઈ ભાઈ દ્વારા... ભગવા વસ્ત્ર ધારી સાધુનો પોતાની ભક્ત શિષ્યા પર... બહેરી મૂંગી નિર્દોષ બાળકી પર અજાણ્યા પુરુષનો... ટયુશન કરવા આવેલ શિક્ષક દ્વારા વિદ્યાર્થીની પર... પાંચ વર્ષની બાળકી પર ખુદ તેના પિતા દ્વારા... મદ્રેસામાં ભણવા આવેલી બાળા પર મૌલવી દ્વારા... બહેરા મુંગાની શાળાની બાળાઓ પર સંચાલક દ્વારા.. કોણ જાણે શું થવા બેઠું છે આ સમાજનું ? સમગ્ર દેશમાં જાણે કામદેવનું વાવાઝોડું ફુંકાયું હોય તેવું લાગી રહ્યું છે. નૈતિકતાનું આ અધઃપતન ક્યાં જઈને અટકશે? લાગે છે કે કાયદો અને તંત્ર નેકદિલથી આનો ઉપાય નહિ વિચારે તો હવસખોરીનું આ નગ્ન તાંડવ સમાજને વેરવિખેર કરી નાખશે. સામાજિક મુલ્યોનો આ વિધ્વંશ હવે તો આદિ માનવની યાદ અપાવે છે. એક પણ દિવસ એવો નથી ઉગતો કે કયાંક ને કયાંક નારીત્વ અને સંસ્કૃતિના ચિંથરા ન ઉડ્યા હોય. સ્વૈચ્છિક અધઃપતનના તો કોણ જાણએ કેટલાય કિસ્સા પરદા પાછળ ભજવાતા હશે. પરમાત્મા જાણે પણ ચિંતા અને ચિંતનનો વિષય એ છે કે આજના માનવીમાં વિકૃતિ કેમ માઝા મુકતી જાય છે? નાના બાળકોથી માંડી આધેડ વયના પુરુષોની આંખમાં વાસનાના કીડા કેમ સળવળે છે? પોતાની વિકૃતિ કામવાસના સંતોષવા માનવ હેવાનિયત આચરતા પણ કેમ અચકાતો નથી? સમાજશાસ્ત્રાઓ, સમાજ સુધારકો માટે આ ચિંતનનો વિષય નથી? ટી.વી.માં આવતા કામત્તેજક દૃશ્યો અને વિકૃત ચેનચાળાઓ, ફિલ્મોમાં બતાવાતા જુગુત્સા પ્રેરક દૃશ્યોએ કુમળા માનસ પર કબજો જમાવી દીધો છે. વર્ષોથી આ ચાલી રહ્યું છે અને તેનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે આ બધું સમાજ સુધારકો અને મહિલા મંડળોથી અજાણ્યું છે?

કામુકતાના આ નગ્ન તાંડવ વિશે આપણે કયારેય ચિંતા કરી છે? આગ ચોમેર પ્રસરે પછી જ તેના ઉકેલ માટે મથામણ કરવીએ આપણી વર્ષો જૂની પ્રણાલી છે, જાહેર ખબરોના નામે લગાવાતી વિકૃત તસ્વીરો, સૌદર્ય સ્પર્ધાના નામે કરાતા દેહ પ્રદર્શનો, વેલેન્ટાઈન ડે, ફ્રેન્ડશીપ ડેના નામે ચાલતો વ્યભિચાર, સ્કુલો-કોલેજોમાં યુવકો દ્વારા કરાતી અશોભનિય હરકતો, કલબો કે પાર્ટી પ્લોટમાં એન્યુઅલ ડે, કે વિદાય પાર્ટીના નામે ગોઠવાતી ડાન્સ પાર્ટીઓ, માતાપિતાને ગેરમાર્ગે દોરી સ્વતંત્ર પણે બિન્દાસ અડધી રાત્રે નશામાં ચકચૂર ફરતું યૌવન, ન માતાપિતાની રોકોટોક, ન સમાજનો ડર, કાનૂનની ધાક અને તેમાંથી સર્જાય છે વિકૃતિઓ અને ન જાણે બીજું બધું કેટલુંય.. આપણે હંમેશા ગૌરવ લઈએ છીએ ભારતીય સંસ્કૃતિ પર કારણ કે, એના પાયામાં નિતિમત્તા અને ચારિત્ર્ય છે. અહીં સ્ત્રીના કૌમાર્યને પવિત્ર ગણાય છે પણ આ સંસ્કૃતિ પર વિકૃતિએ કબજો જમાવ્યો છે. આ બધું જોવા અને જાણવા છતાં આપણે આજ સુધી સંવેદનહીન બની જોતા રહ્યા. પ્રજાની ભિરૂતા અને ‘મારે શું?’ની ભાવનાએ આ આગ લગાડી છે તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. બળાત્કારીઓનો સામાજિક બહિષ્કાર કરવાની નૈતિકતા આપણે કેમ બતાવી શકતા નથી? કેટલાક ધાર્મિક સ્થળોમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ પર આપણે કેમ ઢાંકપીછોડી કરીએ છીએ? આવા બદનામ ધાર્મિક સ્થળોએ માનવ મહેરામણ કેમ ઉમટે છે? રાજકીય વ્યભિચારીઓને સંસદમાં કે વિધાનસભામાં ચૂંટીને મોકલવામાં આપણી કઈ મજબૂરી છે? સામાજિક રીતે ખરડાયેલા નેતૃત્વને હારતોરા કરવામાં આપણે કેમ હરખ પદુડા થઈ જઈએ છીએ? કયારેક તો અરેરાટી ઉપજે તેવા જઘન્ય કામવાસનાના કૃત્યો બન્યા પછીય આપણી માનવીય લાગણીઓ કેમ બંડ પોકારતી નથી? આમાં કાયદો બનવાની કયાં રાહ જોવાની જરૂર છે? ૩૩ ટકા મહિલા અનામતની માંગણી કરતા મહિલા મંડળો, સ્ત્રીઓ પરના અત્યાચારની રોજિંદી ઘટનાઓ સામે કેમ મુંગી બની રહે છે? સમાજમાં હવે ક્યાંય નારીત્વ સલામત હોય તેમ જણાય છે ખરું? શું ઘરમાં કે શું બહાર, શું ઓફિસમાં કે શું જાહેર સ્થળોએ, શું વિદ્યાલયોમાં કે શું મંદિરોમાં, સ્ત્રીઓને સતત સાવધાની રાખવી પડે અને સતત અજંપો અને ડર સાથે જીવવું પડે એવા વાતાવરણનું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે મહિલા મંડળો કેવળ કેન્ડલ માર્ચથી કંઈ જ મેળવી નહિ શકે એના માટે લાંબો સંઘર્ષ કરવો પડશે. જંગ માટે તૈયારી કરવી પડશે. કારણ કે, સમગ્ર દિલ્ગીમાં સળવળાટ અને આક્રોશ છતાંય દિલ્હીમાં જ આવી ઘટનાનો દોર હજુ ચાલુ છે. યાદ રાખો નિર્લજતા સામે વિરોધ પ્રગટ નહિ થાય તો બિભત્સતાને મોકળુ મેદાન મળશે. સંસ્કૃતિના રખેવાળો, શિક્ષણશાસ્ત્રીઓ, સમાજ સુધારકો, મહિલા સમાજના હિતચિંતકો આ ગંભીર બાબતને હજુ હળવાશથી લેશે તો આવનારી પેઢીનું નિકંદન નીકળી જશે અને તેના નિમિત તમારે બનવું પડશે. તમારે ઈતિહાસ રચવાનો નથી, ફક્ત ઈતિહાસની રખેવાળી કરવાની છે. આટલું પણ ન થઈ શકે તો સમાજ સુધારકોના અંચળા ફગાવી સામાન્ય જીવન જીવવું બહેતર છે...